જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૧/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૦૬/૧૯

### પાસા હુકમની બજવણી કરવા બાબત.

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડીવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીરં સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં ઉઠક બેઠક ધરાવતાં રહેતા તુષારભાઇ નટવરલાલ બારોટ ઉવ.૨૮ રહે. મ.નં.ઇ/૧૯ અમુલ પાર્ક ઠક્કરનગર રોડ રતનબા સ્કુલ પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર અમદાવાદ શહેર નાઓ શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓશ્રીએ પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૦૧/૨૦૧૯ તા.૦૧.૦૧.૨૦૧૯ અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિઓને આજરોજ તા.૦૧.૦૧.૧૯ ના કલાક ૨૧.૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતિને જરુરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૧.૦૧.૧૯

# જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરતી બાપુનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નામુદ કરવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝન સા.નાઓના માર્ગદર્શન હેઠળ બાપુનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.પી.તરેટીયા તથા સર્વેલન્સના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન લો.ર. કૌશીકસિંહ અરશીભાઇ તથા પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકર નાઓને સંયુક્ત બાતમી હકીકત આધારે બાપુનગર મનજીભીલની ચાલીમાં જાહેરમાં એક ઇસમ વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમે છે જે આધારે સદરી હકીકતવાળી જગ્યાએ જઈ રેઇડ કરી દીનેશભાઇ સરદારજી ઠાકોર રહે. ૨૬/૭૧ મનજીભીલની ચાલી વિક્રમ મીલ પાછળ બાપુનગર અમદાવાદ શહેરનાઓને ઉપરોકત ગુનામાં આજ રોજ તા.૦૧/૦૧/૨૦૧૯ કલાક ૧૭/૦૦ વાગે પકડી અટક કરી રોકડા રૂ. ૧૪,૬૫૦/- તથા બે સટ્ટા સ્લીપો તથા બે બોલ પેન તથા એક એક્ટીવા મળી કુલ્લે રૂ.૪૯,૬૫૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી ધી જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ જુગારનો ગણનાપાત્ર કેશ શોધી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.